અપીલ અરજી નં.૨૨૫તા.૧૮–૮ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી કે. એ. ઘીવાલા
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી કે. એ. ઘીવાલાની તા.૧૬–૭–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) વોર્ડ નં. ૧૨/૧૩૫૨ પૈકીમાં શહેર વિકાસ વિભાગમાં પ્લાન મુકયા વગર રજા મેળવ્યા વગર કે રીપેરીંગની મંજુરી (પરવાનગી) મેળવ્યા વગર ભોયતળીયાનું થયેલું બાંધકામ જે તા. ૧–૪–૦૭ની અસરથી રેકર્ડ ઉપર દાખલ થયેલ છે તે બાંધકામનું માપ શું છે ? કેટલા રૂમો બન્યા છે ? જાણકારી આપવા નમ્ર અરજ છે વિ. મુદ્દા નં. (૧) થી (૩) ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૮–૮–૧૧ ની **SMC/FAP/** નં.૨૨૫/ ૨૦૧૧–૧૨

શ્રી કે. એ. ઘીવાલાની તા.૧૬–૭–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) વોર્ડ નં. ૧૨/૧૩૫૨ પૈકીમાં શહેર વિકાસ વિભાગમાં પ્લાન મુકયા વગર રજા મેળવ્યા વગર કે રીપેરીંગની મંજુરી (પરવાનગી) મેળવ્યા વગર ભોયતળીયાનું થયેલું બાંધકામ જે તા. ૧–૪–૦૭ની અસરથી રેકર્ડ ઉપર દાખલ થયેલ છે તે બાંધકામનું માપ શું છે ? કેટલા રૂમો બન્યા છે ? જાણકારી આપવા નમ્ર અરજ છે વિ. મુદ્દા નં. (૧) થી (૩) ની માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ના પત્ર નં. સી.ઝેડ./આરટીઆઈ /આઉટ/૮૧૫ તા. ૧૨–૮–૧૧ થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૮– ૮ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૯૪ તા.૨૫–૮–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)તથા અરજદારને તેમણે ફી ભર્યાની વિગત તથા જાહેર માહિતી અધિકારીના પત્ર તા. ૧૨–૮–૧૧ મુજબ ફી ભરી માહિતી મેળવી કે કેમ ? મળ્યા બાદ કઈ ભળતી માહિતી છે ? તે તારવી બતાવવા તથા આકારણીની નકલમાં ટેનામેન્ટ નંબર– માપ હોવા છતાં અપીલમાં દર્શાવેલ નારાજગીના આધાર સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી. જયારે અરજદાર તરફથી તા.૨૯–૮–૧૧ નો પૂરક પત્ર મળેલ છે જેની સાથે જાહેર માહિતી અધિકારીએ તા.૩–૮–૧૧ ની અરજી સંદર્ભે આપેલ માહિતી અંગે પત્ર ન.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૮૬૨ તા.૨૩–૮–૧૧ ના પત્રની નકલ, મુળ અરજીની નકલ, તા. ૨૪–૨–૧૦ના વોર્ડ નં.૧૨ ના સર્વેયરની રીપોર્ટની નકલ રજૂ કરેલ છે.

અરજદારની તા.૧૬–૭–૧૧ ની અરજીથી વોર્ડ નં. ૧૨/૧૩૫૨ પૈકીમાં થયેલ બાંધકામ અને રીપેરીંગની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૮૧૫ તા.૧૨–૮–૧૧ થી સમય અવધિમાં અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જેમાં મુદ્દા નં. (૧) વોર્ડ નં. ૧૨/૧૩૫૨ પૈકીમાં શહેર વિકાસ વિભાગમાં પ્લાન મુકયા વગર રજા મેળવ્યા વગર કે રીપેરીંગની મંજુરી (પરવાનગી) મેળવ્યા વગર ભોયતળીયાનું થયેલું બાંધકામ જે તા. ૧–૪–૦૭ની અસરથી રેકર્ડ ઉપર દાખલ થયેલ છે તે બાંધકામનું માપ શું છે ? કેટલા રૂમો બન્યા છે ? જાણકારી આપવા નમ્ર અરજ છે. મુદ્દા નં.૨ વોર્ડ નં. ૧૨/૧૩૫૨ પૈકીમાં તા.૧–૮–૦૬ થી આજદિન સુધીમાં કેટલા ટેનામેન્ટ રીપેરીંગ થયા? રીપેરીંગ થયા હોય તો તે રીપેરીંગ થયેલ ટેનામેનટના જુના અને નવા (જો મર્જ થયા હોય તો ટેનામેન્ટ નંબર જણાવશો) તેવા મુદ્દા નં.૧ અને ૨ ના પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વોર્ડ નં.૧૨/ ૧૩૫૨ પૈકીથી નોંધાયેલ મિલ્કતમાં હાલમાં આકારણી દફતરે ટેનામેન્ટ નંબર ૧૨/એ–૧૫–૦૯૩૧–૦–૦૦૧ થી ૦૧૦ ,૦૧૨,૦૧૩, ૦૧૬,૦૧૭,૦૧૮, ૦૧૯, ૦૨૧ ,૦૨૩,૦૨૪,૦૨૯ થી ૦૩૨ થી નોંધાયેલ છે જેનો એરીયા બેઈઝ કેલ્યુલેશન ઓફ પ્રોપર્ટી ટેક્ષ રીપોર્ટ પાના નંગ–૨૪ ના રૂા.૪૮/– ભરપાઈ કર્યેથી ઉપલબ્ધ થઈ શકશે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૩ ૧૨/૧૩૫૨ પબ્લીક ટ્રસ્ટ (વકફ થયેલ) છે. તેમાં ઘણા ટેનામેન્ટો આવેલ છે. આ ૧૨/૧૩૫૨ પૈકીના કોઈ ટેનામેન્ટની તા.૧–૮–૦૬ થી લઈને આજ દિન સુધી રીપેરીંગની મંજુરી (પરવાનગી) માંગતી અરજી ભાડુઆત ધ્વારા કે ટ્રસ્ટી ધ્વારા આવેલી છે? કઈ કઈ તારીખે અરજી આવી છે? તારીખની જાણકારી આપશોજી. અને કયા કયા ટેનામેન્ટના રીપેરીંગ માટે આવી છે તે ટેનામેન્ટ નંબર જણાવશોજી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોનનો ઉપલબ્ધ રેકર્ડ જોતાં ૧૨/૧૩૫૨ વાળી મિલકત બાબતે ટેનામેન્ટ નં.૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૦૧ વાળી મિલ્કતમાં તા.૨૭–૩–૦૮ ના રોજ રીપેરીંગ માટે અરજી આવેલ છે. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે આપેલી માહિતીથી નારાજ થઈ તા.૧૮–૮–૧૧ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે તા.૧–૪–૦૭ ની અસરથી રેકર્ડ ઉપર દાખલ

ભોંયતળીયાના બાંધકામના માપ અને કેટલા રૂમો બન્યા છે તેના જવાબને બદલે ટેના ૧૨/૧૩૫૨ પૈકીના ટેના મેન્ટ નંબર જણાવી ગેરમાર્ગે દોરવા અને ભળતી માહિતી આપવાની રજૂઆત કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ ૧૨ /૧૩૫૨ ના તમામ ટેનામેન્ટની માહિતીની વિગતો જણાવેલ છે. તથા નિયત ફી ભરી મેળવી લેવા પ્રસ્તાવ પણ કરેલ છે. અત્રે એ પણ સૂચક છે કે જાહેર માહિતી અધિકારીના માહિતી સાથે બિડાણ આકારણી પત્રકમાં ગ્રાઉન્ડ ફલોર દર્શાવતા ટેનામેન્ટ નંબરની વિગતો પણ જણાય છે.

મુદ્દા નં.૨ માં અરજદારે વોર્ડ નં.૧૨/૧૩૫૨ માં તા.૧–૮–૦૬ થી આજ દિન સુધી રીપેર થયેલ ટેનોમન્ટ જુના અને નવા ટેનામેન્ટ નંબરો અને તેમાં મર્જ થયેલ ટેનામેન્ટની માંગણી કરેલ છે. જેથી જાહેર માહિતી અધિકારીએ સદર મિલ્કતના તમામ ટેનામેન્ટ નંબરોની વિગતો પૂરી પાડેલ જણાય છે. જે અંગે અરજદારને નાણા ભરી માહિતી મેળવવા જણાવેલ છે જો અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીના પ્રસ્તાવ અનુસાર નાણા ભરપાઈ કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે. અરજદારે મુદ્દા નં.૩ માં તા.૧–૮–૦૬ થી તા.૧૬–૭–૧૧ સુધી રીપેરીંગની મંજુરી માંગતી અરજી ભાડુત કે ટ્રસ્ટ ધ્વારા આવેલી છે? અને કઈ તારીખે તેની જાણકારી તથા ટેનામેન્ટ નંબરની માંગણી કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ ટેનોમન્ટ નંબર ૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૦૧ તથા તા.૨૭–૩–૦૮ રીપેરીંગ માટેની અરજી આવ્યાની જણાય છે.પરંતુ અરજદારે અપીલ તબકકે અરજીની પરવાનગીની પૂરક માહિતીની માંગણી કરેલ છે.તેમજ મુદ્દા નં.૪ થી જાહેર માહિતી અધિકારી સામે પગલા લેવાની રજૂઆત કરેલ છે. જે અંગે અરજદારે તેમના તા.૨૯–૮–૧૧ ના પૂરક પત્રથી તા.૧–૪–૦૭ ની અસરથી નામ દાખલ ફકત એકજ ટેનામેન્ટ ૦૧૨એ–૧૫–૦૯૩૧ –૦–૦૦૧છે નું માપ અને કેટલા રૂમો બન્યા છે તે સ્પષ્ટ અમારી અરજીમાં જણાવેલ છે તેવી રજૂઆત કરેલ છે. પરંતુ મુળ અરજીની માંગણીમાં કોઈ જ ટેનામેન્ટ નંબર જણાવેલ નથી પરંતુ વોર્ડ નં.૧૨/૧૩૫૨ પૈકીમાં તા.૧–૪–૦૭ થી દાખલ થયેલ માપ અને રૂમોની વિગત માંગેલ છે જે જાહેર માહિતી અધિકારીએ સદર નંબરની મિલ્કતમાં દાખલ થયેલ ટેનોમન્ટ નંબરોની વિગત પૂરી પાડેલ છે. આ સિવાય મુદ્દા નં.૨ અને ૩ ની રજૂઆત અરજદારે મુળ અપીલના મુદ્દાઓમાં પણ કરેલ છે જે અંગે સ્પષ્ટતા કરવામાં આવેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) તથા ૨(જે) હેઠળ માહિતી જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.

આમ અરજદારે મુદ્દા નં.૧ તથા ૨ અંગે જાહેર માહિતી અધિકારીએ કરેલ પ્રસ્તાવ અનુસાર માહિતી અને દસ્તાવેજ ફી ભરપાઈ કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે. જયારે મુદ્દા નં.૩ અંગે મુળ અરજીના પરિપ્રેક્ષ્યમાં માહિતી પૂરી પાડેલ છે પરંતુ અરજદારે અપીલ તબકકે અરજીની રીપેરીંગની પરવાનગીના હુકમની મુળ અરજીથી અલાયદો પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૧૬–૭–૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૂરી પાડવા જાહેર માહિતી અધિકારીએ નિયત સમય અવધિમાં ફી ભરી પૂરી પાડવા તૈયારી દર્શાવેલ હોઈ અરજદાર ઈચ્છુક હોય તો તે મેળવી લેવા સ્વતંત્ર છે. જેથી તે અંગે અપીલમાં કોઈ હુકમ કરવાનો રહેતો નથી. જયારે મુદ્દા નં.૧ અંગે સર્વેયરના રીપોર્ટમાં ૨ રૂમો છે અને એસેસમેન્ટ રજીસ્ટરમાં ૩ રૂમો છે તેવી તકરાર બાબતે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે. જયારે મુદ્દા નં.૨ અંગે અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીના પ્રસ્તાવ અનુસાર નાણા ભરપાઈ કરી માહિતી મેળવવા અરજદાર સ્વતંત્ર છે. જયારે મુદ્દા નં.૩ અંગે અરજદારે અપીલ તબકકે રીપેરીંગના પરવાનગીના હુકમની મુળ અરજીથી અલાયદા પ્રશ્ન અંગે લાગત જાહેર માહિતી અધિકારીને કાયદા અને નિયમ અનુસાર અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશનર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન), .....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી કે.એ. ધીવાલા